

# Letter of Appreciation

**Professor P.K. Keshap**
**Career Counselor**
**Ludhiyana, PUNJAB.**

**Date : 25/3/2022**

**Dr. Bhagubhai I. Prajapti**
Director & Principal
(Non-Granted Guj Med.)

I acknowledge with thanks and I am grateful for the grand hospitality received by the Principal, teachers, staff and students of the fast growing School. I feel that all the members of management are not only polite, humble and soft spoken but also down to earth authentic persons.

The present level of school is highly spiritual and full of creative and innovative environment which provides a Holistic environment for all around development of the all students. Teachers of the school are very enthusiastic, innovative, well qualified and skill full and the Principal of the School Dr. BHAGUBHAI PRAJAPATI (recipient of many international awards and visionary educationalist as well as dynamic Principal- cum-Administrator) I highly appreciate his dynamic, administrative skills, and sense of punctuality, planning, time management and its observance in action. And apart from this. I came to know that in future School become the part of one of the Top 10 School of India.

---

**નિરવ એસ. રાજાણી**
**(C.A. Aspirant)**

નારાયણ ધ્વનિ અંક-૨૮ મળ્યો. જે વાંચીને ખૂબ આનંદ થયો. પ્રથમ નજર કરતાં જ ઉડીને આંખે વળગે એવી શાળાની ઢગલા બંધ સિધ્ધિઓ દેખાઇ, જે વાંચીને ખૂબ જ ગર્વ અનુભવ છું કે હું આ શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી છું. શાળાએ કોરોના રસીકરણમાં પણ મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે એ જાણીને આનંદ થયો.

કોરોના કાળમાં જે રીતે વિદ્યાર્થીઓનું શિક્ષણ શાળાએ અટકવા નથી દીધું અને સારી કવોલિટી સાથે પીરસ્યુ છે. એ વાત અત્યંત સરાહનીય છે. કોરોના કાળ દરમિયાન માત્ર શિક્ષણ જ નહિં પણ ઓનલાઇન સહ-શૌક્ષણિક પ્રવૃત્તિ પણ ચાલુ રાખીને શાળાએ વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યુ છે. અનેકવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતાં અને વિજેતા બનતા વિદ્યાર્થીઓ શાળાના ગૌરવ સમાન છે. જે શિક્ષકશ્રીઓ અને આપને આભારી છે. નવતર પ્રયોગ ચાલો, જીવન કૌશલ્ય કેળવીએ પ્રોજેકટ તો અત્યંત સરાહનીય છે. જેમાં વિદ્યાર્થીઓએ અનેકવિધ વ્યવસાય સ્થળે જઇને જાત અનુભવ લીધો અને વેકેશનનો સદઉપયોગ કર્યો. પરંતુ કોમર્સના વિદ્યાર્થીઓ કોમર્સ રીલેટેડ ફિલ્ડમાં ઓછા ગયાં હતાં એ વાંચીને થોડું ઓછું આવ્યું. આપનું આ પગલું અતિ પ્રસંશનીય છે.

શિક્ષકશ્રીઓએ જે અંધશ્રધ્ધા નાબુદી પર નાટક ભજવ્યું હતું. એ પણ ખૂબ જ પ્રસંશનીય છે. શિક્ષકોનું જ્ઞાનસત્ર એ હંમેશા આપનું ખૂબ જ સરાહનીય પગલું રહ્યું છે. પરંતુ જો યોગ્ય લાગે તો એ વિદ્યાર્થીઓને પણ મળી શકે એવું કરજો તો તે બુકસમાંથી શિક્ષકશ્રીઓ ટોપીક પસંદ કરે છે અથવા તો જે વિષય પર તેઓ ચર્ચા કરે છે તેમાંથી વિદ્યાર્થીઓને પણ કંઇક ફળદાયી રહેંશે.

આ સાથે શાળાની સિધ્ધિઓમાં, શાળાની પ્રગતિમાં આપનો તથા શિક્ષકોનો જે અમૂલ્ય ફાળો રહ્યો છે એને બિરદાવવા તથા ધન્યવાદ કહેવા માટે શબ્દો ઓછાં છે.

**પ્રતિ,**
**માનનીય આચાર્યશ્રી**
**નારાયણ વિદ્યાલય,ભરૂચ**

**સુનિલ જે. જોષી**
પૂર્વ હેડ કલાર્ક
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,ભરૂચ
તા. ૭/૧/૨૩

નારાયણ વિદ્યાલય, ભરૂચમાં પૂ. નારાયણ બાપુના આશિર્વાદ અને નારાયણ વિદ્યાલય, ભરૂચના ડાયરેકટર માનનીય ડૉ. ભગુભાઇ પ્રજાપતિના માર્ગદર્શન અન્વયે તા:૫/૧/૨૦૨૩ થી તા: ૭/૧/૨૦૨૩ દરમિયાન નારાયણ વિદ્યાલયમાં જ્ઞાનોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રાથમિક વિભાગથી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ તનતોડ મહેનત કરી અને ઉત્સાહથી ગણિત, વિજ્ઞાનની તેમજ સામાજીક અને નારાયણ હોસ્પિટલ જેવી કૃતિઓ પ્રજા સમક્ષ રજુ કરી.

આ આયોજનથી બાળકોની સુષુપ્ત શકિતઓ બહાર આવે તેમજ તેઓનાં જ્ઞાન અને અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય બાળકોના વાલીઓ પોતાના બાળકની કૃતિઓ નિહાળી આનંદની લાગણી અનુભવે અને બાળકોને પ્રોત્સાહિત કર્યા એ ઘણી જ આનંદની વાત છે. નારાયણ વિદ્યાલય શાળાનાં સંચાલકની, આચાર્યગણ, શિક્ષકો અને બાળકો તેમજ નામી-અનામી જે તે વ્યકિતઓએ આ કાર્યક્રમનું આયોજન કરાવવામાં **ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ** સાહેબ સાથે સહભાગી થઇ રાત-દિવસ તનતોડ મહેનત કરી **"જ્ઞાનોત્સવ કાર્યક્રમ"** ને સફળ બનાવ્યું એ ઘણી જ ઉત્કૃષ્ટ બાબત ગણાય.

---

**રોહિત એમ. પારેખ**
ઈન્ટરનેશનલ ચેસ ચેમ્પીયન
૨૨,મંગલદિપ સોસાયટી,
દહેજ બાયપાસ રોડ,ભરૂચ.

**પ્રતિ,**
**માનનીય આચાર્યશ્રી**
**નારાયણ વિદ્યાલય,ભરૂચ**

નારાયણ વિદ્યાલયના શિક્ષકો, વિદ્યાર્થીઓને ચેસના માધ્યમથી મળવાનો લ્હાવો મળ્યો. બાળકો મોટી સંખ્યામાં ચેસ શીખીને જીલ્લા, રાજય માં ભાગ લે છે. જે ગૌરવની વાત છે. પણ હું જયારે શાળામાં પગ મૂકું છું ત્યાર તેનું ભાવાવરણ, શાળા વાતાવરણ અદ્દભૂત જોવા મળે છે. વિદ્યાર્થીઓ ભણવામાં ઓત – પ્રોત જોવા મળે છે. ઘગશવાળા, દીર્ઘ દૃષ્ટિવાળા જોવા મળે છે.

શાળાનો સાંસ્કૃતિક પ્રોગ્રામ મેં જોયો. એક એકથી ચડિયાતી કૃતિઓ રજૂ થઇ અને પ્રોજેકટ પ્રદર્શનનું તો પૂછવું જ શું? ૫૮૦ વિષયો નક્કી કરવા તથા તેના પર પ્રોજેકટ બનાવવા અને તેને રજૂ કરવા. તથા બાળકો પ્રોજેકટ પ્રદર્શનમાં લોકોને સમજાવતા તે થાકતા જ ન હતા

હું શાળાના વિદ્યાર્થીઓ શિક્ષકો, પ્રિન્સિપાલ અને મેનેજમેન્ટને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું.અને ઉત્તરોત્તર શાળા ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

---

**પ્રતિ,**
**માનનીય આચાર્યશ્રી**
**નારાયણ વિદ્યાલય,ભરૂચ**



**આકાશ ભીલ**
અભિનેતા, ગુજરાતી ફિલ્મ
**તા. ૩૦/૧/૨૩**

**૨૬/૧૨/૨૨** નાં રોજ ભરૂચ ખાતે યોજાયેલ શ્રી નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત નારાયણ વિદ્યાલયમાં યોજાયેલ વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી ડૉ.ભગુભાઇ પ્રજાપતિ તથા તમામ શિક્ષકોના સહકાર દ્વારા આ કાર્યક્રમનું ખૂબ જ સુંદર રીતે આયોજન કરવામાં આવેલું અને તેમાં ગુજરાતની ઘણી હસ્તીઓએ હાજરી આપી. કાર્યક્રમની શોભા વધારેલી જેમાં હું પણ હાજર રહ્યો હતો. કાર્યક્રમમાં તમામ બાળકો અને ભાગ લેનાર છોકરા-છોકરીઓ એ ખૂબ જ સુંદર અને અદ્દભુત રજૂઆતો કરી હતી. અને નાના નાના છોકરાઓ પણ પોતાના ટેલન્ટથી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. અને ખાસ કરીને મેં આ કાર્યક્રમને ખૂબ જ માણ્યો, ખૂબ મજા આવી, અને ખાસ કરીને એક નાટક ત્યાં રજૂ થયેલું જે મારાં માટે ખૂબ જ યાદગાર રહ્યું જે અંધશ્રધ્ધા ઉપર ભજવવામાં આવ્યું હતું. જેમાં મારાં ખાસ મિત્ર સમાન અને સાથે ૨ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા શ્રી અરવિંદભાઇ પરમાર અને તેમના સાથી કલાકારો દ્વારા આ નાટક ભજવવામાં આવેલું અને ઘણાં વર્ષો બાદ સ્કૂલના બાળકોને જોઇને મારાં મનમાં પણ મારાં સ્કૂલનાં દિવસોની છબી તાજી થઇ, તમામ આયોજકોનો ખૂબ ખૂબ આભાર કે તેમના થકી અમને આવો સરસ મજાનો કાર્યક્રમ માણવાનો મોકો મળ્યો અને આ કાર્યક્રમ થકી એક મહત્વની બાબત બાળકો માટે એ છે કે અત્યારથી તેઓમાં રહેલી આંતરિક શકિત આવા આયોજનોથી બહાર આવે છે.